
# ધાનેરામાં નિયમોને નેવે મુકી રહેણાંક વિસ્તારમાં બન્યુ શોપિંગ

## શોપિંગ આગળ બિલ્ડર દ્વારા પુરણ કરી દેતા ગ્રામજનોએ પાલિકામાં કરી અરજી : ધાનેરાના સ્થાનિક તંત્ર દ્વારા અમને ન્યાય નહિ મળે તો અમે હાઈકોર્ટના દ્વાર ખખડાવશુ : ગ્રામજનોમાં આક્રોશ

ધાનેરા, તા. ૧

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં જાણે બિલ્ડરો બેફામ બની ગયા હોય તેમ નિયમોને નેવે મુકી રહેણાંક વિસ્તારમાં શોપિંગ બનાવી રહ્યા છે. આટલુ જ નહિ પણ શોપિંગ આગળનો રસ્તો પુરણ કરી દેતા આજુબાજુ રહેતા લોકો પણ ત્રાસી ગયા છે. લોકો દ્વારા સ્થાનિક તંત્રને વારંવાર જાણ કરવા છતાં તંત્ર લોકોની વાત સાંભળવા તૈયાર જ નથી તો બીજી તરફ લોકો દ્વારા શોપિંગ બનાવનારને કહેવા જતા શોપિંગ બનાવનાર કહે છે કે તમારાથી થાય તે કરી લો માટે હવે આ સ્થાનિક લોકો જણાવી રહ્યા છે કે જો અમને ધાનેરાના સ્થાનિક તંત્રથી ન્યાય નહિ મળે તો અમે હાઈકોર્ટના દ્વાર ખખડાવશુ.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આવેલી ઠાકોરવાસ સોસાયટીમાં એક બિલ્ડર દ્વારા શોપિંગ બનાવવામાં આવી રહ્યું છે. અને તે શોપિંગના આગળ જાહેર રસ્તો આવેલો છે. આ શોપિંગના રસ્તા આગળ બિલ્ડર દ્વારા બે ફૂટ જેટલું પુરણ કરી દેતા આજુબાજુના લોકો ત્રાસી ગયા છે. જો વરસાદમાં આ લોકોના ઘર પાણી ડૂબી જાય તેમ છે અને ઘર કાચા હોવાથી ઘર પડી જાય તો પણ નવાઈ ન કહેવાય. માટે લોકોએ ત્રાસી આ બાબતે ધાનેરા નગરપાલિકા



વારંવાર લેખિત અરજી કરવા છતાં પણ ધાનેરા પાલિકા આ લોકોની વાત સાંભળવા તૈયાર નથી.

નગરપાલિકા દ્વારા આ લોકોની વાત ન સાંભળતા લોકોએ ન છુટકે બિલ્ડરના શરણે જવું પડ્યું હતું અને લોકો જણાવી રહ્યા છે કે આ બાબતે બિલ્ડરને પુરણ દુર કરવાનું કહેતા તે લાજવાના બદલે ગજવા માંડ્યો હતો અને કહેતો હોત કે હું રાજકીય વગ ધરાવુ છુ માટે તમે મારૂ કંઈજ બગાડી શકવાના નથી. માટે તમારાથી થાય તે કરી લો જેથી આ સ્થાનિક લોકો હવે કહી રહ્યા છે કે જો ધાનેરાના સ્થાનિકતંત્ર દ્વારા અમને ન્યાય નહિ મળે તો અમે હાઈકોર્ટના દ્વાર ખખડાવશું.

શું રહેણાંક વિસ્તારમાં શોપિંગ બનાવી શકાય... શોપિંગની મંજુરી આપતા પહેલા ધાનેરા નગરપાલિકાએ સ્થાનિક લોકોનો અભિપ્રાય લીધો હતો કે પછી ધાનેરા પાલિકાના સત્તાધીશો દ્વારા લેતી દેતીનો વ્યવહાર કરી ડાયરેક મંજુરી આપી દીધી આવા અનેક સવાલો લોકોમાં ઉઠવા પામ્યા છે. અત્યારે તો લોકો ધાનેરાના સ્થાનિક તંત્રની મદદ માંગી રહ્યા છે હવે જોવાનું એ રહે છે કે ધાનેરાનું સ્થાનિકતંત્ર આ લોકોને મદદ કરે છે કે પછી લોકો હાઈકોર્ટના દ્વાર ખખડાવે છે તે તો આવનારો સમય જ બતાવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### લક્ષ્મીપુરામાં દુકાનમાં આગ લાગતા નુકશાન

હિંમતનગર,તા. ૧

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે આવેલ રવિન્દ્રભાઈ નરસિંહભાઈ પટેલની એગ્રો સીડ્સ નામની દુકાનમાં તાજેતરમાં શોર્ટસર્કીટથી આગ લાગતા દુકાનમાં રાખેલ દવા, ખાતર, બિયારણ, ખેત-ઓજાર તથા અન્ય દસ્તાવેજો બળી ગયા હતા. જે અંગે રવિન્દ્રભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

### ગાંઠિયોલ હોસ્પિટલમાં વ્હીલચેર દાનમાં અપાઈ

હિંમતનગર, તા. ૧

ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામે આવેલ શ્રીમદ જેસીંગબાપા હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ઉપયોગમાં આવે તે આશયથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બડોલી શાખાના બ્રાન્ચ મેનેજર દિપકભાઈ જાની અને કેયુરભાઈ પટેલની ઉપસ્થિતિમાં બે વ્હીલચેર દાનમાં આપવામાં આવી હતી.

### હિંમતનગરમાં બે મકાનમાંથી ૧.૬ લાખથી વધુની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૧

હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચોરીની ઘટનાઓ વધી રહી હોવાને કારણે લોકોમાં ભય ફેલાયો છે. જે અંગે સ્થાનિક પોલીસતંત્રમાં જાણ કરવા છતાં અનેક ચોરીઓનો ભેદ વણઉકલ્યો રહ્યો છે. દરમિયાન શનિવારે રાત્રે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ બે મકાનમાંથી અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૧.૬ લાખથી વધુની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે એ-ડીવીઝન પોલીસે ચોરીની બંને ઘટનાઓ અંગે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોતીપુરા વિસ્તારમાં આવેલ આદર્શ બંગ્લોઝમાં રહેતા અમિત અશ્વિનભાઈ જોષી મુંબઈ લગ્નમાં ગયા હોઈ અજાણ્યા શખ્સોએ શનિવારે રાત્રે તેમના મકાનમાં પ્રવેશી તિજોરીનું તાળુ ખોલી સોના-ચાંદીના તથા રોકડમ મળી રૂ. ૩૧૪૭૫ની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે અમિતભાઈ જોષીને ખબર પડતા તેમણે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ઊંઝાના ભક્તિનગરમાં વીજકરંટથી મહિલાનું મોત

ઊંઝા, તા. ૧

ઊંઝા ખાતે ભરતનગર પાસે નવિન બની રહેલ કોમ્પલેક્ષમાં કડીયાકામ કરતી એક મહિલાને રાતના સમયે પાણી ભરતી વેળા પાણીના હોજમાં અચાનક વીજકરંટ લાગતા તેણીનું કરૂણ મોત નિપજ્યું હતું.

ઊંઝામાં ભરતનગર નજીક બાલાજી કોમ્પલેક્ષનું કામ ચાલતું હોઈ અત્રે કડીયાકામ માટે આવેલ મહિલા જશોદાબેન હિતેશભાઈ ઉં.વ. ૩૪ રહે. તુલ-સાવલી તા.જી. ડુંગરપુર (રાજસ્થાન) વાળા રાતના સમયે હોજમાં પાણી ભરવા માટે ગયા હતા ત્યારે અચાનક ઈલેક્ટ્રીક મોટરના વાયરને હાથ અડી જતા કરંટ લાગ્યો હતો જેથી મહિલાનું મોત નિપજ્યું હતું.



## માલપુર તાલુકાના ગોઢકંપા ગામમાં અમેરીકન કેસરની ખેતી

માલપુર તાલુકાના ગોઢકંપા ગામના બે ખેડૂત પુત્રોએ ૨ વીઘા જમીનમાં અમેરીકન કેસરની ખેતી કરી આ ખેતીમાંથી સારી ઉપજ મેળવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. માલપુર તાલુકાના છેવાડે અને મેઘરજ તાલુકાના સીમાડે આવેલ ગોઢકંપા ગામે પટેલ જીવરાજભાઈ તથા પટેલ જયંતિભાઈએ નવીન ખેતી કરી છે. જે અખતરારૂપ ગણી શકાય ત્યારે તેઓએ પહેલીવાર આ અમેરીકન કેસરની ખેતી કરી છે. આ ખેડૂતપૂત્રોએ તેમની કુલ જમીનમાંથી ૨ વીઘામાં ૨૫૦ ગ્રામ અમેરીકન કેસરનું બિયારણ મંગાવી આ કેસરની ખેતી કરવામાં આવી છે. આ ખેતીનું બીયારણ નવરાત્રીના સમયગાળા દરમ્યાન ઉગાડવામાં આવે છે. વધુમાં તેઓએ જણાવેલુ કે આ અમેરીકન કેસર ચાર મહિને તૈયાર થાય છે. અને આ કેસર તૈયાર થયા પછી તેમના જ ડીસ્ટ્યુબીટર લઈ જતા હોય છે. અને કિલોનો ભાવ તેમને લગભગ ૪૦,૦૦૦ હજારની આસપાસ ચુકવતા હોય છે. અને વધુમાં જીવાકાકાએ જણાવ્યું હતું કે આ વખતે આ ખેતીમાં સફળતા મળશે તો આવતા વર્ષે આ કેસરની ખેતી વધારે કરવાની ઈચ્છા પણ તેમણે વ્યક્ત કરી હતી.

# ખેડબ્રહ્મા જળાશયમાંથી પીવાનું પાણી ફાળવવા જનતાની ઉગ્ર માંગ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામ સ્થિત જળાશયમાંથી આ વિસ્તારના લોકોને પીવાનું પાણી ફાળવવા તથા સરકારી યોજનાઓના લાભ અંગે ધારાસભ્યની અધ્યક્ષતામાં મળેલી સભામાં ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી. પ્રશ્નો નહી ઉકેલાય તો ઉગ્ર આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલની અધ્યક્ષતામાં તાલુકાના ખેડવા ગામે મળેલી સભામાં આદિવાસીઓના પ્રશ્નો અને પીવાના પાણી અંગે રજુઆતો કરવામાં આવી હી. જેમાં

**ધારાસભ્યની અધ્યક્ષતામાં મળેલી સભામાં આ વિસ્તારના પ્રશ્નો અંગે રજુઆત**

આ વિસ્તારના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. ત્યારે ખેડવા જળાશયમાંથી આ વિસ્તારને પીવાનું પાણી ફાળવાની ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી. ખેડવા વિસ્તારના આદિવાસીઓ કૂવા કાંઠે તરસ્યા હોવાની પણ રજુઆત થઈ હતી. ઉપરાંત રસ્તા-સરદાર અને ઈન્દિરા આવાસ રોજગારી સહીતના પ્રશ્નો ઉકેલવા પણ રજુઆત થઈ હતી. પ્રશ્નો નહી ઉકેલાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. આ સભામાં તાલુકા પંચાયતના પ્રમુખ કુવરબેન ગમાર, ઉપપ્રમુખ કતુભાઈ પટેલ, પ્રદેશ ડેલીગેટ નરેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈડરના મોટા કસ્બામાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડો

હિંમતનગર, તા. ૧

ઈડરના મોટા કસ્બા વિસ્તારમાં એક મકાનના ધાબા ઉપર રવિવારે જુગારધામ પર ડીવાયએસપી તથા પોલીસે દરોડો પાડીને પાંચ જુગારીઓને રૂ. ૪૨ હજારના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. તેમજ પોલીસને જોઈને ભાગી ગયેલા અન્ય છ જુગારીઓ સહિત ૧૧ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના ડી.વાય.એસ.પી. તેજલબેન પટેલને એવી માહિતી મળી હતી કે મોટાકસ્બા વિસ્તારમાં એક મકાનના ધાબા ઉપર તીનપત્તીનો જુગાર રમાઈ રહ્યો છે. જે આધારે તેમણે રવિવારે મોટાકસ્બા વિસ્તારમાં જઈ અકબરખાન પઠાણના ધાબા ઉપર જઈ તપાસ કરતા ૧૧ જુગારીઓ તીનપત્તીનો હાર-જીતનો જદુગાર રમતા હતા. જોકે પોલીસને જોઈ છ જુગારીઓ થાપ આપી ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસે પાંચ જુગારીઓને રૂ. ૭,૨૦૦ના સાત મોબાઈલ તથા રૂ. ૩૪૩૦૧ની રોકડ સાથે ઝડપી લીધા હતા અને ૧૧ જુગારીઓ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી ભાગી ગયેલા જુગારીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. જુગાર રમતા પકડાયેલામાં જીતેન્દ્ર રતિલાલ ભોઈ, રમેશ ડાહ્યાભાઈ વણઝારા, કિરણભાઈ ભોઈ, યાખાન નસીબખાન મકરાણી, રહેમતતુલ્લા બંગાળી.

# ધનસુરાના રહિયોલ નજીક ત્રિપલ અકસ્માત : એકનું મૃત્યુ

ધનસુરા, તા. ૧

અરવલ્લી જિલ્લામાં અકસ્માતની હારમાળા સર્જાવાની



સાથે અકસ્માતમાં મોત નિપજવાની ઘટનાઓમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે. શનિવારે બપોરે ટ્રકની અડફેટે રહિયોલ પાટીયા નજીક બાઈકચાલકનું અકસ્માતમાં મોત નિપજવાની શાહી સુકાઈ નથી ત્યારે સોમવારે બપોરે ત્રિપલ અકસ્માતમાં ત્રણ ટ્રકો અંદર અંદર ટકરાઈ જતા ત્રણેય ટ્રકોના ભુક્કા બોલાઈ ગયા હતા અને ટ્રકચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. જ્યારે અન્ય એક ક્લીનર ઈજાગ્રસ્ત બનતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે દવાખાનો ખસોડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા-મોડાસા રાજ્યધોરી માર્ગનો દિલ્હીથી મુંબઈને સાંકળતો માર્ગ હોવાથી ઉત્તર ભારતના મોટાભાગના ટ્રકચાલકો આ માર્ગનો ઉપયોગ કરતા અહી ટ્રાફિક વધારે રહેતો હોવાથી અકસ્માતની ઘટનાઓ છાશવારે બનતી હોય છે. ધનસુરાની રહિયોલ ગામ નજીક શાકભાજી ભરેલા ટ્રકના ચાલકે તેના કબ્જા હેઠળની ટ્રક અન્ય ટ્રક સાથે અથડાવી દેતા સામેથી આવતો અન્ય ટ્રક પણ અથડાઈ પડતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. ટ્રક અકસ્માતમાં ટ્રકના ભુક્કા બોલાઈ ગયા હતા અને ટ્રક ચાલક અને ક્લીનરના શરીરે ઈજાઓ પહોંચતા ટ્રકચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોડ ઈજાગ્રસ્ત ક્લીનરનો ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતમાં ત્રણ ટ્રકો એકબીજા સાથે અથડાઈ જતા અકસ્માતના પગલે ભારે ટ્રાફિકજામના દશ્યો સર્જાતા આ અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે ટ્રાફિક નિયમન કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



## હિંમતનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન

હિંમતનગર શહેરના મહાવિરનગર વિસ્તારના કેનાલ રીવર ફ્રન્ટ ખાતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા હિંમતનગર શહેર દ્વારા મેઘા બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં શહેર સંગઠન, નગરપાલીકા સદસ્યો તથા કાર્યકર્તા મિત્રો વિશેષ સહયોગ આપી સ્વેચ્છાએ રક્તદાન કરવામાં આવેલ તથા રક્તદાન એ મહાદાન છે તે સૂત્રને સાકાર કરતા આ કેમ્પમાં ૭૫ બ્લડની બોટલ રેડ ક્રોસ સોસાયટી હિંમતનગરના સહયોગથી એકત્રીત કરવામાં આવેલ હતી. આ બ્લડ ડોનેશન કેમ્પમાં પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રદેશ યુવા મોરચા મહામંત્રી હિતેશભાઈ પટેલ, સા.કા. યુવા પ્રમુખ કલ્પીત દવે, શહેર પ્રમુખ બીપીનભાઈ ઓઝા, નગરપાલીકા ઉપ પ્રમુખ અનીરૂદ્ધભાઈ, કા.અ. વીમલભાઈ, સાવનભાઈ દેસાઈ, અમૃતભાઈ, કીરીટભાઈ વગેરે મહેમાનોની વિશિષ ઉપસ્થિતી રહી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મોરચાના ખુબજ ઉત્સાહી પ્રમુખ બ્રિજેશ પટેલ, શહેર સંગઠન મહામંત્રી દેવાંગ શુકલ, યુવા મોરચા મહામંત્રી મુકેશ દેસાઈ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# નાગલપુર કોલેજની વિદ્યાર્થીના એક તરફી પ્રેમમાં પ્રેમી વિદ્યાર્થીએ વિદ્યાર્થિની પર જલદ પ્રવાહી છાંટતા ચકચાર

ઊંઝા, તા. ૧

મહેસાણા ખાતે નાગલપુર કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની પર કોલેજના જ એક વિદ્યાર્થીએ કથિત એક તરફી પ્રેમમાં જલદ પ્રવાહી છાંટતા તેણી શરીરે દાઝી જતાં મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ ઘટનાથી ઉશ્કેરાયેલ ટોળાએ વિદ્યાર્થીનું બાઈક સળગાવી દીધુ હતુ. જેથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી.

જાણવા મળ્યા મુજબ મહેસાણા નજીકના એક ગામની વિદ્યાર્થીની મહેસાણા નાગલપુર કોલેજમાં અભ્યાસ કરે છે. આ કોલેજમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ એક તરફી પ્રેમમાં વિકૃત માનસિકતા ધરાવીને વિદ્યાર્થીની પર અચાનક એસિડ જેવું જલદ પ્રવાહી છાંટ્યું હતુ. જેથી વિદ્યાર્થીની શરીરે દાઝી જતાં તેણીને તુરત સારવાર અર્થે સ્થાનિક લાયન્સ જનરલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ બનાવથી કોલેજના વિદ્યાર્થીઓના ટોળાએ ઉશ્કેરાઈને સદર વિદ્યાર્થીનું બાઈક સળગાવી દીધુ હતુ. આથી ભારે હોબાળો મચી ગયો હતો. વિદ્યાર્થીની પર જલદ પ્રવાહી છાંટનાર વિદ્યાર્થી વડનગર તાલુકાના ગામનો હોવાનું અને વિદ્યાર્થીની તેમજ વિદ્યાર્થી એકજ જ્ઞાતિના હોવાનું જાણવા મળે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બજેટ મંજુર કરવાની પ્રથા બદલાઈ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા નગરપાલિકાનું બજેટ વર્ષોથી સીધેસીધુ સામાન્ય સભામાં રજુ કરી મંજુર કરાવવામાં આવતુ હતુ. પણ પાલિકામાં નવીન નિમણુંક પામેલ ચીફ ઓફીસર સાવીત્રીબેન સોનીએ પ્રથા બદલી પ્રથમ આ બજેટ કારોબારીમાં મુકવામાં આવ્યુ. કારોબારીના ચેરમેન પ્રવિણસિંહ સોલંકીએ ૨૦૧૬-૧૭નુ બજેટ કારોબારીમાં રજુ કરી સુધારા-વધારા સાથે સામાન્ય સભામાં રજુ કરવામાં આવ્યુ હતુ. જે સર્વાનુમતે મંજુર થયું હતું.

### ભિલોડા તાલુકાના ધનસોર મુકામે મેડીકલ કેમ્પ યોજાયો

ભિલોડા, તા.૧

ન્યું ગુજરાત પેટર્ન અન્વયે બોર્ડર વિલેજ યોજના અંતર્ગત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ,તાલુકા હેલ્થ ઓફીસરના આયોજન હેઠળ તા. ૩૦/૧/૨૦૧૬ ના રોજ ધનસોર (ભેસદરી) મુંકામે સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજયો હતો.તજજ્ઞ ડોક્ટરો ધ્વારા ૪૭૨ દર્દીઓનું નિદાન સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. મેડીકલ કેમ્પમાં તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતીમાં કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. મેડીકલ કેમ્પને સફળ બનાવવા પ્રા.આરોગ્ય કેન્દ્ર ટોરડા મેડીકલ ઓફીસર, તાલુકા સુપરવાઈઝર, આરોગ્ય કર્મચારીઓ ધ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### પાલનપુરમાં પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરાશે

પાલનપુર, તા. ૧

આજથી પાલનપુર શહેરને પોલીથીન મુક્ત કરવાનો દ્રઢ સંકલ્પ અને નિર્ણય કરેલ હોઈ, આપણે સૌ સાથે મળીને આપ નગરજનોના સાથ અને સહકારથી પાલનપુરને પોલીથીન મુક્ત, સ્વચ્છ અને સુંદર બનાવીએ. સરકારશ્રીના ૨૦ માઈક્રોનથી નીચેના ઝભલા તેમજ પ્લાસ્ટીકના ચાના કપ, પ્લાસ્ટીકના પાણીના ગ્લાસ, પ્રતિબંધ હોઈ જેનાથી આપણને અને આપણા સમાજને આ પ્લાસ્ટીકના ઝભલાથી ખૂબ જ મોટુ નુકશાન અને તેનાથી તથા રોગના ભોગ બનવું પડે છે. તેમજ ઝભલાથી ગટરો બરાઈ જાય છે. ગટરો ભરાવવાના કારણે રોડ ઉપર ગટરનું પાણી ફેલાય છે અને ઝભલામાં ફળફળાદીની છાલો અને ખોરાક નાખવાથી ઝભલાની સાથે તે ગાય ખાય છે જેનાથી તેનું મોત થાય છે. અને ઝભલા જમીનમાં જવાથી જમીન ખેતી લાયક રહેતી નથી અને તેનાથી આપણને ખેતીના પાકમાં ખૂબ જ મોટુ નુકશાન થાય છે. જેથી આપણને સૌ સાથે મળીને કાપડ અને કાળગની થેલીમાં ચીજવસ્તુ લાવવા માટે આગ્રહ રાખીએ, પ્લાસ્ટીના ચાના કપ, પાણીના ગ્લાસનો બહિષ્કાર કરીએ જેનાથી કેન્સર જેવા મહા મોટા રોગો થઈ શકે છે. આપણા ઘરના નળ ખુલ્લા રાખીએ નહિ જેથી પાણી રોડ ઉપર ફેલાય નહિ અને ગંદકી થાય નહિ. ખુલ્લામાં સંડાસ જઈએ નહિ, સંડાસ ના હોય તો નગરપાલિકામાં નોંધણી કરવાથી આપને સંડાસની સુવિધા પ્રાપ્ત થશે. તો આપ સૌના સાથ અને સહકારથી પાલનપુરને પોલીથીન મુક્ત , સુંદર, સ્વચ્છ બનાવીએ.